सा विद्या या विमुक्तये

# શારદ

વર્ષ ૨૪ માર્ચ - ૨૦૦૫ અંક ૪

## વાલીઓને ........

આજે જિંદગી એટલી દોડમદોડવાળી અને ત્વરીત બની ગઈ છે કે ક્યાંય મનન અને ચિંતનને અવકાશ રહ્યો નથી. આજે ભાષાની અભિવ્યક્તિ અને ભાષાને સમૃધ્ધ કરે તેવા કોઈ પરિબળો બહુ ઓછા દેખાય છે. વાંચન નહિવત્ બની ગયું છે. જ્ઞાન માટેના સ્રોત ભરપૂર ઉપલબ્ધ થયા છે. અનેક માધ્યમો જ્ઞાન અને સાથેસાથે પુસ્તકો પણ થોકબંધ આપે છે.સાથે કચરો પણ ખરો . તમે ઈન્ટરનેટ દ્વારા માહિતી તો તાત્કાલિક મેળવી શકો છો પણ મોનીટરના સ્ક્રીન ઉપર આવતા અક્ષરો પણ ગતિ કરતા હોઈ ચિત્તમાં સ્થાન મેળવી શકે તેવું રહ્યું નથી. જે કાંઈ અત્યારે વાંચીએ છીએ તેનો સંદર્ભ જોવો હોય તો ફરી પાછું મોનીટર ઉપર અવશ્ય જોઈ શકાય છે પરંતુ આ જ વસ્તુઓ લખાણમાં હોય એટલે કે કાગળ જેવા માધ્યમ ઉપર હોય તો તેને જેટલી સ્થિરતાથી મનમાં લઈ શકાય છે તેવું મોનીટર ઉપરથી લીધેલી માહિતીની બાબતમાં બનતું નથી.

આજે વાંચન આને કારણે ખૂબ ઓછું થઈ ગયું છે. પુસ્તકો તો થોકબંધ બહાર પડે એવી શક્યતાઓ પડેલી છે. એટલા બહાર પણ પડે છે પરંતુ તેનો ઉપયોગ કરવા જેટલો સમય ભાગ્યે જ આવી પ્રવૃત્તિઓમાંથી મળતો હોય છે.પત્રલેખન પણ સાવ ઘટી ગયું છે અને પત્રથી જ સંબંધ , અભિવ્યક્તિ, થઈ શકે તે ઈ-મેઈલ, ટેલીફોન જેવા માધ્યમોથી કરી લઈએ છીએ.

બાળકોને નાનપણથી જ વાંચનની ટેવ પડે તે માટેની સુવિધાઓનું આયોજન વાલીએ કરવું જોઈએ અને પોતે પણ ઠીક ઠીક વાંચન મેળવીને ચિંતન અને મનન કરવા જોઈએ. આ સંદર્ભમાં 'શારદ' માં જુદા જુદા વિભાગો માટે બાળકોને આપવા જોઈએ તેવા પુસ્તકો વિશે પણ માહિતી આવતી રહેશે. વાલીઓને રસ પડે તેવા પુસ્તકો વિશે પણ થોડું જણાવતા રહીશું અને જે વાલીઓને આમાં સૂઝ અને માર્ગદર્શન આપી શકે તેવી ક્ષમતા હોય તેઓ અમને પણ તે આપે તેવી અપેક્ષા છે. અમદાવાદમાં દિલ્હી કે કલકત્તા જેવા વિશાળ પુસ્તકમેળા થતા નથી પરંતુ ખૂબ સંતોષ લઈ શકીએ તેવા પુસ્તકમેળાઓ અમદાવાદમાં આયોજિત જુદા જુદા સ્થળે અવશ્ય થાય છે. વાલીઓ રસથી તેમાં બાળકોને પણ લઈ જાય છે તે મેં જોયું છે અને મને તેનો આનંદ છે. આથી ઉપરની બાબત જે ભાઈઓ આનાથી વંચિત રહી જતા હોય તેમણે કરવા જેવી છે.

આજે આ 'શારદ' સાથે શ્રેણી ૧ થી ૪ માટેના એકાદ બે પુસ્તકોનો સંદર્ભ આપું છું. ધો.૫ થી ૮ માટે બીજા એક-બે પુસ્તકોનો સંદર્ભ આપું છું. અને તેથી ઉપરના વિદ્યાર્થીઓ માટે પણ બે-એક પુસ્તકોનો સંદર્ભ આપું છું. વાલીઓએ તો આ પુસ્તકો વાંચવા જેવા છે તે જણાવતા આનંદ થાય છે.

પ્રાથમિક વિભાગ માટે સૂચિત પુસ્તક :- (૧) ગીજુભાઈની વાર્તાઓ (૨) મહાભારત અને રામાયણના પાત્રો - નાનાભાઈ ભટ્ટ

ઉચ્ચ પ્રાથમિક માટે :- (૧) જયભિખ્ખુની બોધકથાઓ (૨) સાહસિકોની સૃષ્ટિ

ઉપરના ધોરણ માટે :- (૧) પરિક્રમા નર્મદાની-અમૃતલાલ વેગડ (૨) સોરઠી બહારવટિયા

દિનુભાઈ દવે
ના વંદન

## સ્મૃતિચિત્રો

થોડા વર્ષો પહેલા અમારો, ડેલહાઉસી પાસે આવેલા રમણીય સ્થળ ખજીયારથી એકાદ કિ.મી. દૂર, ટ્રેકીંગ કેમ્પ હતો. અમે ત્યાંથી દરરોજ જુદા જુદા સ્થળે ટ્રેકીંગ માટે જતા.બહુ ચઢાણ હોય ત્યાં હું થોડેક જઈને અટકી જતો.

મારા કેમ્પની નજીકમાં જ દિલ્હીના એક સ્થપતિ પોતાનો વ્યવસાય છોડીને બે-ત્રણ રૂમ બાંધીને ત્યાં પોતાની બે પુત્રીઓ સાથે રહેતા હતા. બંને પુત્રીઓ ડેલહાઉસીની દિલ્હી પબ્લીક સ્કુલમાં અભ્યાસ કરતી એટલે સવારે પોતાની ગાડીમાં તેમને ડેલહાઉસી લઈ જતા. અને પાછા સાંજે જઈને લઈ આવતા. મકાન લાકડાઓ વડે જ બનેલું હતું પરંતુ તેમના મકાન પર ડીશ એન્ટેના મુકેલું અને ડીસ્કવરી ચેનલ, નેશનલ જોગ્રોફી જેવી ચેનલના પૈસા ભરીને તેનો ઉપયોગ કરતા. મકાનની સીડી, ઉપરના ઓરડા બધું જ લાકડાનું બનેલું. મકાનમાં એન્ટિકની કિંમતી ચીજો હતી.બારણા ખરા, પણ તાળુ મારવાની સુવિધા નહીં. તેમની સાથે મારે ઘનિષ્ઠ પરિચય થયો હોઈ ક્યારેક હું પણ એમની સાથે ડેલહાઉસી જતો.

મેં જોયું કે એકલા હાથે તેઓ એ વિસ્તારમાં પર્યાવરણનું નમૂનારૂપ કામ કરતા હતા. પર્યાવરણના અધિકારીઓની ફરજ ચૂકાય તો તેમને સત્તાપૂર્વક ધમકાવતા. આમ એક માણસના લશ્કરની જેમ તેઓ અત્યંત મજબૂત સેનાપતિ હતા. સ્થાનિક લોકો સાથે ઘરોબો પણ ઘણો. આર્થિક મદદ જરૂરી સમયે કરે. એમને ત્યાં જુદા જુદા વિસ્તારના સ્થાનિક લોકો આવતા અને તેમની પાસેથી જો કોઈ અધિકારીઓ દ્વારા અનિયમિતતા થતી હોય તો તે માહિતી મેળવી તે દૂર કરતા.

એક દિવસ અમારો ટ્રેકિંગ કેમ્પ ખજીયાર અને ડેલહાઉસીની વચ્ચે કાલાટોપ ખાતે ગોઠવાયો હતો. ચઢાણ ઘણું હોઈ તેઓએ મને કહ્યું કે હું તમને મારી ગાડીમાં ઉપર લઈ જઈશ. સાથે સાથે જણાવ્યું કે તેમના માતાજી પણ થોડો સમય અહીં આવ્યા છે એમને પણ લઈ જવાની ઈચ્છા છે. અમે પાંચ જણ ગાડીમાં બેઠા અને અને ગાડીમાં ખાસ જગા ન હતી કાલાટોપ અમે ગાડીમાં ચઢવા લાગ્યા કે એકાદ કિ.મી. દૂર અમારી સાથે આવેલા ત્રણ બહેનોને એમણે પાછા આવતા જોયા એટલે તેમણે મને પૂછ્યું કે તેઓ કેમ પાછા આવે છે ? મેં જણાવ્યું કે ખુબ ચઢાણ હોઈ તેઓ થાકીને પાછા ફરતા હોય તેમ લાગે છે. તેમણે મને પૂછ્યું કે સાથે લઈ જઈશું. ત્યાં તેમની એક દીકરી બોલી ઉઠી, "પપ્પા, જગા તો છે નહિ." એમણે વ્હાલથી પોતાની પુત્રીને એટલું જ કહ્યું કે "બેટા જગા દિલમાં હોવી જોઈએ." આમ તેમણે ગાડી ઉભી રાખી અને ત્રણે બહેનોને તેમના માતાજી તથા બે પુત્રીઓ હતી ત્યાં બેસવા કહ્યું . જે બાળકોને માતા-પિતા તરફથી આવી તાલીમ મળે છે તેઓ ખૂબ સદ્ભાગી છે તેવું મને લાગ્યું.

દિનુભાઈ દવે

## પરીક્ષા - પરીક્ષા - પરીક્ષા

'અરે પ્રિયંકા ! ચાલ ઉભી થા, આપણે ઘેર જવાનું છે. ખબર છે તને ? હવે પરીક્ષા આવે છે ? પછી વાંચશે કોણ ?'

'ના મમ્મી... આવું શું કરે છે ? થોડું રમી લેવા દે ને !'

'ના , ચાલ ઉભી થઈ જા.' ને એમ કહેતાં કહેતામાં તો સ્વાતીબેનનો હાથ નાનકડી પ્રિયંકાના કુમળા ગાલ પર જોરથી પડયો ને મને એક ઘેરો આંચકો લાગ્યો પણ મારી આંખમાંથી વ્યક્ત થતો પ્રશ્નાર્થ સ્વાતીબેને પારખ્યો અને બોલ્યા...'એમ કંઈ રમે ઓછું ચાલે ! ભણે નહીં તો આગળ કયાંથી આવશે ? મારે કંઈ તેને 'ઢ' નથી રાખવાની. રમે કોનું ભલું થવાનું છે ?' ને એ નાનકડી પ્રિયંકાની મને દયા આવી ગઈ. હજી એની ઉંમરે ય શું છે ? માંડ પાંચ છ વર્ષની હશે, અત્યારે તો એને રેતીના દહેરાં બનાવી તેમાં દેવની સંકલ્પનામાં રાચવાના દિવસો હોય ત્યારે એને માથે આવો અત્યાચાર ! એને બાળપણ માણવાનું જ નહીં !

બેન ! અનુજાને લીંબુનું શરબત પાવું છે. પરીક્ષાનાં ટેન્શનમાં સવારે પૂરું જમી પણ નથી, ને મને આશ્ચર્ય થયું. બીજા ધોરણમાં ભણતી અનુજાને પરીક્ષાની આટલી બધી બીક ! આ ઉંમરે પરીક્ષાની સમજેય શું પડે ! પણ પરીક્ષાનો કાર્યક્રમ આવે ત્યારથી જ માબાપ 'પરીક્ષા-પરીક્ષા' અને 'પહેલો નંબર જ આવવો જોઈએ' કહી કહીને બાળકને એવા તો નર્વસ બનાવી દે છે કે પરીક્ષાનો સામનો કરવો તેમને માટે મુશ્કેલ બની જાય છે. તે આત્મવિશ્વાસ ગુમાવી દે છે. વાંચે વાંચે છે ને ભૂલી જાય છે. ટેન્શન થવાથી તેને પેટમાં દુઃખે છે, માથું દુઃખે છે, ધ્રુજારી થાય છે અને ગભરાઈ જાય છે. જે પરિસ્થિતિનો સામનો પંદર સત્તર વર્ષ સુધી કરવાનો છે એ પરિસ્થિતિનો આવો 'હાઉ' મગજમાં ઉભો કરીને આપણે માબાપો અને શિક્ષકો બાળકને માથે શું વિતાવીએ છીએ એનો વિચાર સુધ્ધાં કરીએ છીએ ખરાં ! એનું કેવું મોટું અહિત કરીએ છીએ તેનો કયારેય ખ્યાલ કર્યો છે ખરો !

ઈશ્વરે માણસ માત્રમાં જીજ્ઞાસાવૃત્તિ મૂકી છે એને નવું નવું જાણવાનું મન થાય જ, પણ આ પરીક્ષાના 'હાઉ'એ તો એવું ઘર ઘાલ્યું છે કે બાળકને એ નવી હકીકતો જાણવા માટેનો રસ જ ઉડી જાય છે. એને ભણવું જ ગમતું નથી ને એ પણ ઓછું હોય તેમ આપણે એને સતત ટોકીએ છીએ. 'ભણવું જ કયાં ગમે છે ? 'ઢ' રહેવાનો છે' કેમ જાણે કે પરીક્ષાનાં માર્કસ્ માટે જ આપણે ભણાવતા ન હોઈએ ! ભણતર જ્ઞાન મેળવવા માટે છે કે પરીક્ષાનાં માર્કસ્ માટે ! શું પરીક્ષાનાં માર્કસ્ એ જ માત્ર બાળકની બુધ્ધિ માપવાની પારાશીશી છે ? વિદ્યાર્થીનો આત્મવિશ્વાસ જ ઉઠી જાય, ભણવા પ્રત્યે નફરત થઈ જાય, 'યેન કેન પ્રકારેન' માર્ક લાવવા માટે પરીક્ષામાં ચોરી કરતા શીખે. કાપલી લાવતાં શીખે, આ બધું શાના કારણે ? આપણી માર્કસ્‌ની પાછળની ઘેલછા અને બાળકનાં માનસમાં ઉભા કરેલાં પરીક્ષાનાં 'હાઉ'ને કારણે જ ને ! વર્ષ દરમ્યાન નિયમિત અભ્યાસ કર્યો હોય તો પરીક્ષા તો એક સામાન્ય જ પ્રક્રિયા છે,પછી એ ગમે ત્યારે ન લે! એ વિદ્યાર્થીની ગોખવાની શક્તિનાં માપ માટે ન હોય. એણે આખા વર્ષ દરમ્યાન મેળવેલાં જ્ઞાનને કેટલું પચાવ્યું છે તેનો અંદાજ કાઢવા માટે હોય! પણ આપણે એ સમજીએ છીએ ખરાં !

આપણે તો ચાર માણસ વચ્ચે ડોક ઊંચી રાખી ગૌરવભેર કહેવું છે, મારો દીકરો તો ખૂબ હોશિયાર છે, એના વર્ગમાં એ હંમેશા પહેલો જ હોય છે. શું બાળક એ આપણી પ્રતિષ્ઠાનાં પ્યાદા છે ! આપણી આ મહાત્વાકાંક્ષાથી એને માથે શું વીતે છે એ આપણે કયારેય વીચારીએ છીએ ખરાં !

કંઈ નહીં... પણ જાગ્યા ત્યારથી સવાર, ચાલો માબાપ તરીકે હવે આપણે આટલું તો કરીએ જ.

(૧) પરીક્ષાનાં કાર્યક્રમનો ઝીણવટથી અભ્યાસ કરી બાળકને છેલ્લા દિવસોમાં ઓછા કલાક મહેનત કરવા છતાં વધુ સારું આવડે એવી રીતે આયોજન માટે માર્ગદર્શન આપીએ, તે માટે પ્રેરણા પૂરી પાડીએ. રોકટોક ન કરીએ.

(૨) પરીક્ષાનું કે એની બીકનું વાતાવરણ ઉભું ન કરીએ.

(૩) પરીક્ષાનાં પેપર્સ સાવ સામાન્ય કક્ષાના વિદ્યાર્થીને લક્ષમાં લઈને કાઢવામાં આવે છે એટલે પાસ થવું અઘરું નથી. એ ધ્યાનમાં રાખીએ ને પરીક્ષાનો ભય મગજમાંથી કાઢી નાખીએ.

(૪) તેને ભણવાનું મન થાય તેવું વાતાવરણ, પ્રોત્સાહન અને પ્રેરણાભર્યું વાતાવરણ ઉભું કરો.

(૫) પરીક્ષા આવતી હોય અને ચાલુ હોય ત્યારે પણ એને એક બે કલાક મુક્ત મને ખુલ્લી હવામાં રમવા દો, એનાથી એ અભ્યાસ પર વધુ સારું ધ્યાન આપી શકે છે.

(૬) આ દિવસોમાં તેને પૌષ્ટિક ખોરાક આપો, એને વધુ પોષણની જરૂર પડે છે.

(૭) તમારા તરફથી એને વધુ વહાલ આપો, સહભાગીદારી આપો પણ વહાલનો એવો અતિરેક ન કરો કે જેથી એ પાંગળું બની જાય.વધુ પડતી સારસંભાળ લઈ એને નર્વસ ન બનાવ..

**ઊર્મિલા શાહ**

## સંસ્થાનું ગૌરવ

શાળાના **કૉ.ઓર્ડિનેટર ડૉ.શ્રી ઊર્મિલાબેન શાહ**ને એમના પુસ્તક 'માબાપ બનતાં શીખીએ' ને ડિસેમ્બરમાં ગુજરાત સાત્યિ પરિષદ તરફથી ભગિની નિવેદીતા દ્વિતીય પારિતોષિક મળયાં બાદ જાન્યુઆરીમાં ગુજરાત સાહિત્ય અકાદમી( ગાંધીનગર) તરફથી પણ એ પુસ્તકને દ્વિતીય પારિતોષિક મળ્યું છે. સંસ્થા તે માટે ગૌરવ અનુભવે છે.

તા.૧૨-૧૩ ફેબ્રુઆરીનાં રોજ વિક્રમ સારાભાઈ કોમ્યુનિટિ સાયન્સ સેન્ટર ખાતે તૃતીય વિક્રમ સારાભાઈ મોડેલ રોકેટ કોમ્પીટીશન ગુજરાત રાજયની સ્પર્ધા યોજાઈ જેમાં ગુજરાતભરમાંથી લગભગ ૧૯૦ વિદ્યાર્થીઓએ તથા શિક્ષકોએ ભાગ લીધો હતો. સીંગલ અને ડબલ સ્ટેજનાં રોકેટ, સ્પર્ધકોએ જાતે બનાવી ઉડાડયાં હતા. જેમાં શારદામંદિરના સીંગલ સ્ટેજમાં અચ્યુત પંચાલનું રોકેટ ૧૮૨ મીટર ઉંચે સુધી ગયું હતું અને તેમણે આજ દિન સુધીનો રેકોર્ડ તોડયો છે ને ટ્રોફી મેળવી છે. આ પહેલા ત્રણ વર્ષ પહેલાનો રેકોર્ડ ૧૫૨ મીટરનો હતો.

આ ઉપરાંત સેકન્ડ સ્ટેજમાં શાળાની શાહ શૈલજાએ પણ પ્રથમ ટ્રોફી મેળવી છે.

ઉપરાંત સેકન્ડ સ્ટેજમાં સહજ પરીખને ( મોટા વિભાગમાં ) દ્વિતીય ટ્રોફી અને એમાં જ ( નાના વિભાગમાં ) પ્રખર પંડિતને દ્વિતીય ટ્રોફી મળી છે.

ધ્વનિ મહેતા, અનેરી શાહ અને સૌમ્ય શાહને આશ્વાસન ઈનામો મળ્યાં છે. કુલ ૧૨ ઈનામમાંથી ૬ ઈનામો શારદામંદિરે મેળવ્યા છે. શારદામંદિર તેના વિદ્યાર્થીઓની આ સિધ્ધિ માટે ગૌરવ અનુભવે છે.

આલ્ફા ટી.વી. પર યોજાયેલ પ,ધ,ની,સા માં ચિ.આનલ વસાવડાએ સંગીતની અંતિમ સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

આકાશવાણી આયોજિત વિશ્વ બાલ પ્રસારણ દિને નિમિત્તે શુભમ્ બક્ષીએ ઉદ્દ્‌ઘોષકનું કામ કર્યું હતું.

રાજ્ય શિક્ષણ રમતગમત વિભાગમાં શાહ હેલી ભૂપેન્દ્રભાઈને સ્કેટીંગ માટે સ્કોલરશીપ મળે છે.

ભીવમૂપુર ખાતે યોજાયેલ બહેનોની ક્રિકેટ મેચમાં શાળાની ક્રિશ્રા પટેલે ગુજરાત તરફથી રમીને સારો દેખાવ કર્યો હતો.

શાહ નિધિ બીરેનભાઈને સ્કેટીંગ સ્કોલરશીપ રૂ. ૪૮૦૦/- ની મળી છે.

## સંસ્થાકીય સમાચાર

### બાલમંદિર

**બાલવાડી :**

ઉત્તરાયણ, નાતાલ, હોળી, જન્માષ્ટમી આ બધાંને અનુરૂપ ગીતોથી બાળક એ ઉત્સવોનું હાર્દ બાળપણથી જ સમજવા લાગે છે. અત્યારે બાળકો હોળીનાં ગીતો ગાવામાં મશગૂલ બની ગયાં છે.

બાળકોને વાર્તા સાંભળવી ખૂબ ગમે છે. ઉંદરની ટોપી, ડોશી અને દિકરી, સિંહ અને ઉંદર જેવી વાર્તાઓ આ રીતે સાંભળતાં તેઓ તેમાં તન્મય થઈ જાય છે. બાળકોને તા.૪-૩-૦૫નાં રોજ મહાશિવરાત્રિનાં પર્વની વાર્તા કહેવામાં આવી.

ઈન્દ્રીય શિક્ષણના સાધનોથી બાળકો પરિચિત થતાં થતાં તેમાં એકાગ્ર બને છે અને રંગ આકાર વિગેરે સરળતાથી શીખે છે. આવી જ રીતે સ્વાદ, અવાજ, સુગંધ વિગેરેનું જ્ઞાન પણ તેમને વ્યવહારિક રીતે શીખવવામાં આવે છે. એ જ રીતે ફળ, ફૂલ, શાકભાજી, પશુ-પંખી, વાહનો વિગેરેનો પરિચય તેમને કરાવવામાં આવે છે.

**બાલમંદિર :**

તા.૧૨-૧-૦૫ને બુધવારે બાળકોએ ઉત્તરાયણનું પર્વ ઉજવ્યું. પતંગનાં ગીતોની મઝા માણી. હોંશભેર શીંગના લાડુ ખાધા. તુક્કલ વિશે પણ માહિતી આપી. બાળકોએ જાતે વટાણા ફોલી બટાકાપૌંઆ બનાવી તેની મઝા માણી. શિયાળાનાં લીલા શાકભાજીનું મહત્વ સમજાવવામાં આવ્યું. તા.૨૫-૧-૦૫નાં રોજ બાળકોએ ધ્વજવંદન કરી રાષ્ટ્રધ્વજ વિશે માહિતી મેળવી, રાષ્ટ્રગીત ગાયું. શિયાળામાં બાળકો શિસ્તબધ્ધ રીતે બેન્ડના તાલે કસરત કરે છે એ દ્રશ્ય જોવું એ પણ એક લ્હાવો છે. બાળકોને કોમ્પ્યુટર પર બેસીને શેઈપ મેચીંગ, કલર મેચીંગ જેવી રમતો રમવી ખૂબ ગમે છે અને તેનાંથી તેઓ કમ્પ્યૂટરથી સારા એવા માહિતગાર થઈ જાય છે. ચિત્રકામ કરતા બાળકોમાં સ્થિરતા આવે છે તેઓ ચિત્રમાં તન્મય થઈ જાય છે. બાળકોને તા. ૨૫-૨-૦૫ના રોજ તિરૂપતિ નેચરલ પાર્કનો પ્રવાસ કરાવવામાં આવ્યો. બાળકોનો આ પ્રવાસ ખૂબ આનંદમય રહ્યો.

તા.૨૮-૧-૦૫નાં રોજ તાલીમનાં બાળકો માટે વેશભૂષા સ્પર્ધા યોજવામાં આવી. સાસુમા, નરેન્દ્ર મોદી, યોગેશ્વર કૃષ્ણ, સ્વામી વિવેકાનંદ, મીરાંબાઈ, ઝાંસીની રાણી, શબરી, રાજુલ, નરસિંહ મહેતા, ચારણ કન્યા જેવા પાત્રો બાળકોએ સુંદર અભિનય અને અભિવ્યક્તિથી રજૂ કર્યા, બાળકોનાં વ્યક્તિત્વનાં સર્વાંગી વિકાસ અને ચારિત્ર્યઘડતર માટે આવા કાર્યક્રમોનો ફાળો ખૂબ મહત્વનો બની રહે છે.

તા.૧૮-૨-૦૫નાં રોજ તાલીમનાં બાળકો માટે ચિત્ર હરીફાઈ યોજાઈ.

આદિમાનવે કરેલી પૈડાની શોધથી શરૂ કરી આજદિન સુધીમાં શોધાયેલાં વાહનવ્યવહારનાં સાધનોથી બાળકોને પરિચિત કરી અકસ્માત અને માર્ગ વાહનવ્યવહારની માહિતી બાળકોને પાઠ દ્વારા આપવામાં આવી.

### શિશુમંદિર

**આંતરગૃહ સ્પર્ધાઓ :**

**તબલા સ્પર્ધા :** તા.૭-૧-૦૫

| | | |
|---|---|---|
| પ્રથમ | દેવલ ખત્રી | ( મેઘનાદ ) |
| દ્વિતીય | જીલ શાહ | ( રત્નદીપ ) |
| તૃતીય | યશ શાહ | ( ધવલગિરિ ) |

નિર્ણાયક તરીકે શ્રી નયનભાઈ દવેએ સેવા આપી.

**વકતૃત્વ સ્પર્ધા :** તા.૧૯-૧-૦૫

| | | |
|---|---|---|
| પ્રથમ | યત્ન પટેલ | ( ગંગોત્રી ) |
| દ્વિતીય | શૈલ દવે | ( રત્નદીપ ) |
| | વિધિ ત્રિવેદી | ( ગંગોત્રી ) |
| તૃતીય | પૌરીન શાહ | ( ધવલગિરિ ) |
| | અભિષેક ભટ્ટ | ( ધવલગિરિ ) |

**નિબંધ સ્પર્ધા :** તા.૩૧-૧-૦૫

| | | | |
|---|---|---|---|
| **ગુજરાતી** | પ્રથમ | કોમલ ભટ્ટ | ( મેઘનાદ ) |
| | દ્વિતીય | યત્ન પટેલ | ( ગંગોત્રી ) |
| | | પૌરીન શાહ | ( ધવલગિરિ ) |
| | તૃતીય | શૈલ દવે | ( રત્નદીપ ) |
| | | વિધિ વોરા | ( રત્નદીપ ) |
| | | રાજવી શાહ | ( ગંગોત્રી ) |
| **અંગ્રેજી** | પ્રથમ | શૈલજા શાહ | ( મેઘનાદ ) |
| | દ્વિતીય | આનંદ પરીખ | ( ધવલગિરિ ) |
| | | લેખા મહેતા | ( ધવલગિરિ ) |
| | તૃતીય | નિર્મી ત્રિવેદી | ( મેઘનાદ ) |
| | | ઐનીશ દવે | ( રત્નદીપ ) |
| **હિંદી** | પ્રથમ | કૃતિ ત્રિવેદી | ( રત્નદીપ ) |
| | દ્વિતીય | હેલી વસાણી | ( રત્નદીપ ) |
| | તૃતીય | રાજેન્દ્ર સોલંકી | ( મેઘનાદ ) |
| | | ભાર્ગવ વ્યાસ | ( ધવલગિરિ ) |

**કલાપ્રતિભા શોધ સ્પર્ધા :** તા.૧૦-૨-૦૫

તા. ૧૦-૨-૦૫ના રોજ ધોરણ ૧ થી ૭ નાં બધાં જ વિદ્યાર્થીઓ માટે ચિત્ર સ્પર્ધા યોજાઈ જેમાં નીચેના વિદ્યાર્થીઓ વિજેતા નીવડયાં.

| | | |
|---|---|---|
| **ધો.૧** | પ્રથમ | નિષ્ઠા દેસાઈ |
| | દ્વિતીય | હેતલ મહેતા, શૈલ રાવળ |
| | તૃતીય | પંક્તિ સમીરભાઈ |
| **ધો.૨** | પ્રથમ | ભાષા શાહ |
| | દ્વિતીય | ગરીમા મહેતા, આયુષી શાહ |
| | તૃતીય | કથન પરીખ, રીયા ભટ્ટ, પ્રાંશુ ભટ્ટ |
| **ધો.૩** | પ્રથમ | વૈશલ શાહ |
| | દ્વિતીય | નિનાદ જાની, વિરાજ શાહ |
| | તૃતીય | પ્રિયાંશી ઠક્કર, ઋજુતા ભટ્ટ |
| ધો.૪ | પ્રથમ | ક્રિશ્રા શાહ |
| | દ્વિતીય | કુંજ ત્રિપાઠી, વરુણ રાવળ, હેલી સોપારકર |
| | તૃતીય | શૈલી ભટ્ટ , માર્ગી જોશી, આસ્થા ધગિયા |
| ધો.૫ | પ્રથમ | વેદજ્ઞ વૈદ્ય |
| | દ્વિતીય | ઉત્સવી શાહ , ખુશાલી શાહ |
| | તૃતીય | મિલોની શાહ, ખુશાલી ત્રિપાઠી , શિવાંગી શાહ |

ધો.૬ પ્રથમ પૌરીન શાહ
દ્વિતીય કેની શાહ, રાહિલ જાની
તૃતીય વિધિ ત્રિવેદી, પ્રિયંકા વ્યાસ , કાજોલ શાહ
ધો.૭ પ્રથમ શિમોલી શાહ
દ્વિતીય અંજલી ત્રિવેદી, વિધિ એન.દેસાઈ, અંશિની ભટ્ટ
તૃતીય નિધિ એ.દવે, ધ્વનિ યુ.મહેતા , પંક્તિ વી. શાહ

તા.૨૩-૨-૦૫નાં રોજ શિશુમંદિરમાં રમતોત્સવ યોજવામાં આવ્યો. ધોરણ ૫,૬,૭ માં આંતરગૃહ રમતગગમત સ્પર્ધાઓ યોજાઈ, જેમાં વ્યક્તિગત રમતોમાં દોડ, લાંબો કૂદકો, ખડો લંગડી તથા સાંઘિક રમતોમાં લંગડી તથા ડોઝબોલની સ્પર્ધા થઈ.ધોરણ ૧ થી ૪ નાં બાળકો માટે દેડકા દોડ, સંગીત ખુરશી, પાસીંગ ધી બોલ, સમતોલ ચાલ, કમરામાંથી ગોળી શોધવી, દોડ, યાદશક્તિ વિગેરે રમતોની સ્પર્ધાઓ યોજાઈ.

તા.૨૨-૨-૦૫ના રોજ ધોરણ ૧ થી ૪ ના વિદ્યાર્થી ભાઈબહેનો માટે સુલેખન સ્પર્ધા યોજાઈ ગઈ.

સુનામી અંગે વિદ્યાર્થીઓએ વિવિધ અંકો તૈયાર કર્યા. જેમાં ...વલ ખત્રી અને ધ્વનિત રાવલે બનાવેલ અંક ખૂબ સરસ તૈયાર કરવામાં આવ્યો.

**સ્વયંશિક્ષણદિન :** તા.૨૭-૧-૦૫ના રોજ શિશુમંદિરમાં સ્વયંશિક્ષણદિન યોજાઈ ગયો. વિદ્યાર્થીઓએ શિક્ષણકાર્ય ખૂબ સફળતાપૂર્વક સંભાળ્યું.

**ચિત્ર પરીક્ષા :** ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ તરફથી લેવાતી એલીમેન્ટ્રી અને ઈન્ટરમીડીયેટ પરીક્ષામાં શાળાનું પરિણામ ૧૦૦ % આવ્યું છે અને મોટાભાગના વિદ્યાર્થીઓએ A grade અને B grade મેળવેલ છે.

## વિનયમંદિર

**રમતોત્સવ :** તા.૨૫,૨૬ ફેબ્રુઆરીના રોજ વિનયમંદિરમાં રમતોત્સવ યોજવામાં આવ્યો.વિદ્યાર્થીઓ માટે કબડ્ડી, વોલીબોલ, ડોઝબોલ, થ્રો બોલ, લાંબો કૂદકો,(ભાઈઓ) જમ્પ એન્ડ રીચ (બહેનો),દોડ, બેડમિન્ટન, સંગીત ખુરશી (બહેનો)ની રમતોની સ્પર્ધાઓ યોજાઈ. વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહપૂર્વક તેમાં ભાગ લીધો.

**સ્વયંશિક્ષણદિન :** તા. ૩-૨-૦૫ના રોજ વિનયમંદિરમાં સ્વયંશિક્ષણદિન યોજવાઈ ગયો. વિદ્યાર્થીઓએ ખૂબ સારી તૈયારી કરી આખોય દિવસ ખૂબ સફળતાપૂર્વક શિક્ષણકાર્ય સંભાળ્યું. વિદ્યાર્થીઓ માટે આ એક યાદગાર અનુભવ હોય છે.

**Aptitude Test :** તા. ૩-૩-૦૫ના રોજ ધોરણ ૯ ના વિદ્યાર્થી ભાઈબહેનો માટે Aptitude test લેવામાં આવ્યો. વિદ્યાર્થીઓની ભાવિ કારકિર્દીનાં નિર્ણય માટે આ test ખૂબ માર્ગદર્શક નીવડે છે.

*****

### "બાળકના સંસ્કારનું સિંચન"

એક વાત કહું ? મનમાં ભારે દ્વિધા છે. તગડું દાન લઈને પ્રવેશ આપનારી ...રી નિશાળ અને દાન વિના પ્રવેશ આપનારી ઉધાર નિશાળ વચ્ચે પસંદગી કરવી ..., તો વાલીઓ આજે ગમે તેટલો ખર્ચ કરીને પોતાના સંતાનોને ઉત્તમ શિક્ષણ ...પવાના મૂડમાં છે. વાલીઓ કહી રહ્યા છે : " ઉત્તમ શિક્ષણ માટે ગમે તેટલી ફી ...પવા તૈયાર છીએ." ઘણા વાલીઓ નિશાળના આચાર્યને જઈને કહેતા હોય છે : ...હેબ ! આ મારો દિકરો તમને સોંપ્યો. તમે કહો તેનું ટ્યુશન રાખીશું. ખર્ચની કોઈ ...તા નહિ, તમે કહો તે ફાઈનલ.' આવા કોન્ટ્રાક્ટ બેસિસ પર નિશાળમાં પોતાનાં ...ડકાં અને ફટવી મારેલાં સંતાનોને મૂકી જનારાં માતાપિતાને પાછલી ઉંમરે કડવા ...નુભવો ન થાય તો જ નવાઈ ! શિક્ષક અને વાલીએ મળીને બાળકના સંસ્કારનું ...ચન કરવાનું છે.

ડૉ. ગુણવંત શાહ

## અભિનંદન

| સંસ્થા | વિજેતા વિદ્યાર્થી | પારિતોષિક |
|---|---|---|
| | **ચેસ** | |
| ગુજરાત સ્ટેટ ચેસ એસોસીએશન | સંવિત શાહ | છઠ્ઠું સ્થાન સર્ટીફીકેટ |
| ગુજરાત ચેસ એકાદમી | વરુણ રાવળ | પાંચમું સ્થાન |
| | **કરાટે** | |
| યોગ એન્ડ માર્શલ આર્ટસ્ | જિમિત ટેલર | બ્રાઉન - I |
| એકેડમી ઓફ ઈન્ડીયા | શાંતનુ શાહ | ગ્રીન - I |
| | ભૂમિ શાહ | ગ્રીન - I |
| અર્જુન સ્કુલ ઓફ માર્શલ આર્ટસ્ | અભિ શાહ | બ્રાઉન - II |
| | **ચિત્ર** | |
| કલા સારથી આર્ટસ્ ફાઉન્ડેશન | તત્સત્ ઠાકોર | મેરીટ સર્ટીફીકેટ |
| યંગ એન્વોયઝ ઈન્ટરનેશનલ હૈદ્રાબાદ | દ્રષ્ટિ ઠક્કર | ડિપ્લોમા ઓફ ડિસ્ટીંકશન |
| નેશનલ એજ્યુકેશન એન્ડ હ્યુમન રિસોર્સ ડેવલપમેન્ટ ઓરગનાઈઝેશન | ખુશાલી ત્રિપાઠી | સર્ટીફીકેટ |
| | કુંજ ત્રિપાઠી | સર્ટીફીકેટ |
| અખિલ હિંદ મહિલા પરિષદ | ભાષા શાહ | ત્રીજુ ઈનામ(નાનો વિભાગ) |
| ( મોટો વિભાગ) | હેલી સોપારકર | પ્રથમ ઈનામ |
| ( મોટો વિભાગ) | હેમ સોપારકર | આશ્વાસન ઈનામ |
| નવનીત પબ્લીકેશન | કરન ટંકશાળી | ઈનામ |
| ગૃહશોભા સલિલ મેગેઝીનો આયોજીત સ્પર્ધા | ઉત્સવી શાહ | આશ્વાસન ઈનામ |

*****

આ જમાનાની સાચી વિદ્યાપીઠ છે પુસ્તકનો સંગ્રહ. દરેક પુસ્તક એક ચમત્કાર અને દરેક લેખક અદ્ભૂત જાદુગર છે. કોઈ ઉત્તમ પુસ્તકનાં વાંચનથી નવા યુગનો પ્રારંભ થતો હોય છે.

**- ઉમાશંકર જોષી**

ઘરમાં રહેલું નાનું પુસ્તકાલય જે દર વરસે મોટું થતું જાય એ માણસની પ્રગતિનો એક ભાગ કહેવાય. પુસ્તકાલય એ મોજશોખની વસ્તુ નથી, પણ ખોરાકની જેમ એ પણ જીવનની એક જરૂરિયાત છે.

**- હેનરી બીચર**

સાચા મિત્રોની સોબત ન મળે તો મુંઝાશો નહી. તમે તમારી આ ખોટ સારા પુસ્તકો વાંચીને પણ પુરી કરી શકો તેમ છો.

**- વિવેકાનંદ**

તંત્રી, મુદ્રક પ્રકાશક : દિનુભાઈ દવે, આચાર્ય અને નિયામક,શારદામંદિર, અમદાવાદ-૩૮૦૦૦૭.
EMAIL : sharda1924@rediffmail.com
shardamandir1924@yahoo.com